# 10 સ્થાનિકકક્ષાએ સરકાર : સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ

D3F8F5

સંસ્કૃત 'સ્થાન' ઉપરથી 'સ્થાનિક' શબ્દ બનેલો છે. સ્વરાજ એટલે પોતાનું રાજ. લોકો જે સ્થળે વસતા હોય તે સ્થળ-ગામ, નગર કે શહેર તરીકે ઓળખાય છે. ગામ કે શહેરમાં વસતા લોકો પોતાના ગામ કે શહેરનો વહીવટ પોતે કે પોતાના પ્રતિનિધિઓ મારફત કરતા હોય, તેને લોકોનું રાજ કે 'સ્થાનિક સ્વરાજ' કહેવાય છે. આવી રીતે ગામ કે શહેરનો સ્થાનિક વહીવટ ચલાવતી સંસ્થાઓ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ તરીકે ઓળખાય છે. ગ્રામીણ વિસ્તારમાં ગ્રામપંચાયત, શહેરમાં શહેર સુધરાઈ કે નગરપાલિકા અને અમદાવાદ, મુંબઈ જેવાં નગરોમાં મહાનગરપાલિકા વગેરે સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ ગણાય છે.

સ્થાનિક સ્વરાજની આ સંસ્થાઓ ગામ કે નગરના લોકોની જાહેર સુખાકારીના અને લોકોની સ્થાનિક જરૂરિયાતોની સેવાઓનાં કાર્યોનો વહીવટ કરે છે. આવી સંસ્થાઓ સામાન્ય રીતે પોતાના વિસ્તારમાં લોકોને પીવા અને વાપરવાનું ચોખ્ખું પાણી પૂરું પાડવું, સારા રસ્તા બનાવવા અને તેમની જાળવણી કરવી, રસ્તાઓની સફાઈ કરાવવી, જાહેર રસ્તાઓ પર દીવાબત્તીની સગવડ કરવી, આરોગ્ય સેવા પૂરી પાડવી, પ્રાથમિક શિક્ષણની સગવડ કરવી વગેરે કાર્યો કરે છે.

સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ આપણા દેશમાં પ્રાચીન કાળથી અસ્તિત્વમાં હતી. કાળક્રમે તે નાશ પામી. દેશમાં હાલ છે તેવી સ્થાનિક સંસ્થાઓની શરૂઆત બ્રિટિશ શાસન દરમિયાન થઈ હતી. દેશમાં સ્વાતંત્ર્ય માટેની લડતોના સમયમાં તેમનો વિકાસ થયો. આધુનિક સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ બળવંતરાય મહેતા સમિતિ બાદ શરૂ થઈ.

**સ્થાનિક સંસ્થાઓનો આરંભ**

આધુનિક રાજ્યો વિશાળ વિસ્તાર અને વિપુલ વસ્તી ધરાવે છે તેથી કેન્દ્ર સરકારની જવાબદારીઓમાં અનેકગણો વધારો થયો છે. માત્ર કેન્દ્ર સરકાર દ્વારા જ એક જ સ્થાનેથી સમગ્ર દેશનું સંચાલન કરવું અતિ કઠિન અને કપરું છે. દેશના જુદા-જુદા ભાગની સમસ્યાઓ તેમજ પ્રશ્નો પણ ભિન્ન-ભિન્ન પ્રકારના હોય છે. કેન્દ્ર આ સમસ્યાઓથી સારી રીતે પરિચિત ન હોય તેમજ તેમની પાસે તમામ સમસ્યાઓને સુચારુ ઢબે ઉકેલવા પૂરતો સમય પણ ઉપલબ્ધ ન હોય, આવી પરિસ્થિતિમાંથી 'લોકશાહી વિકેન્દ્રીકરણનો' ખ્યાલ જન્મ્યો છે.

જ્યાં સમવાયતંત્ર અમલમાં છે ત્યાં, કેન્દ્ર અને એકમ સરકારોની જોગવાઈ કરવામાં આવી છે. એકમ સરકારોએ પણ વહીવટ સરળતા કે સુગમતા ખાતર સત્તા અને કાર્યોના વિકેન્દ્રીકરણનો ખ્યાલ વિકસાવ્યો છે. આમ, વિકેન્દ્રીકરણના અભિગમથી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓનો ઉદ્ભવ તેમજ વિકાસ થયો છે. આ સંસ્થાઓ 'સમવાયતંત્રમાં ત્રીજી સરકાર' ગણાય છે.

**સ્થાનિક સ્વરાજ્ય : અર્થ અને ખ્યાલ**

***અર્થ*** **:** લોકો જે સ્થળે વસવાટ કરે છે તે ગામ, નગરનો કે મહાનગરનો વહીવટ લોકો પોતાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા કરે તેને 'સ્થાનિક સ્વરાજ' કહે છે. આ માટે જે સંસ્થાઓ રચાય તેને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ કહે છે.

પ્રત્યેક રાજ્યની પ્રાદેશિક એકમ સરકારે વહીવટી સરળતા ખાતર સ્થાનિક પરિસ્થિતિ મુજબ નાના-નાના પ્રાદેશિક વિભાગોમાં રાજ્યના વિસ્તારને વહેંચી નાખવામાં આવે છે. અને તેને સ્થાનિક જવાબદારી તેમજ કાર્યોની સોંપણી કરીને તેનો વહીવટ સંભાળતી સ્થાનિક સરકાર અથવા તો સ્થાનિક સ્વરાજની સંસ્થા (લોકલ સેલ્ફ ગવર્મેન્ટ) તરીકે ઓળખવામાં આવે છે.

**સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ મુખ્ય બે પ્રકારની હોય છે :**

(અ) ગ્રામીણ વિસ્તારની સંસ્થાઓને આવરી લેતી ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત મુખ્ય છે.

(બ) શહેર વિસ્તારની સંસ્થાઓ જેમાં નગરપાલિકા, મહાનગરપાલિકા અને મહાનગર નિગમ (મેગાસિટી)નો સમાવેશ થાય છે.

## સ્થાનિક સ્વરાજ્યની અગત્ય

રાષ્ટ્રપિતા ગાંધીજીના સ્વરાજની કલ્પનામાં હંમેશાં ગામડું જ મુખ્ય કેન્દ્ર સ્થાને રહ્યું છે. ભારતીય સંસ્કૃતિ અને ભારતીયતા જાળવવી હોય, બહુજન સમાજની શક્તિઓ અને તેનું કલ્યાણ થાય તેમ કરવું હોય તો દેશમાં સત્તાનું વિકેન્દ્રીકરણ કરવું જોઈએ. તેમણે કહ્યું હતું કે, ''સત્તાનું કેન્દ્ર અત્યારે દિલ્લી, કોલકાતા કે મુંબઈ જેવાં મોટાં શહેરોમાં છે. મારું ચાલે તો હું સત્તાનાં એ કેન્દ્રોને ભારતનાં સાત લાખ ગામડાઓમાં વહેંચી દઉં.''

નીચેના મુદ્દાઓ સ્થાનિક સ્વરાજ્યની અગત્ય સ્પષ્ટ કરે છે :

(1) સત્તાનું વિકેન્દ્રીકરણ સિદ્ધ થાય છે.

(2) સ્થાનિક નાગરિકો જવાબદારીથી સભાન બને છે.

(3) આ સંસ્થાઓ લોકશાહીની તાલીમશાળા ગણાય છે.

(4) વહીવટી ખર્ચમાં કરકસર થાય છે.

(5) વહીવટી સુધારણાની પ્રયોગશાળા પુરવાર થાય છે.

(6) નાગરિકો સ્થાનિક કાર્યોમાં ઉત્સાહપૂર્વક ભાગ લે છે. સતત જાગૃતિ આવે છે.

(7) નાગરિકોનો સ્થાનિક કાર્યોમાં રસ વધે છે અને તેમની નિસબત વધે છે.

(8) સ્થાનિક સ્તરે નોકરશાહી - અમલદારશાહીનો પ્રભાવ ઘટે છે.

(9) કેન્દ્ર તેમજ એકમ સરકારોના કાર્યભાર ઘટે છે.

આવી સંસ્થાઓ લોકશાહીના કલેવરમાં ચેતના કે પ્રાણ પૂરવાનું કાર્ય કરે છે અને લોકશાહીના મૂળિયાંને પાયાથી સિંચીને સતત ચેતનવંતા અને ધબકતાં રાખે છે. સ્થાનિક લોકો સ્થાનિક જવાબદારી વહન કરીને સક્રિય નાગરિકની ભૂમિકા અદા કરે છે. સરકારની બીજી કોઈ શાખા કરતાં સ્થાનિક સરકાર કદાચ સૌથી વધુ લોકશિક્ષણનું કામ કરે છે.

આ સંસ્થાઓની અગત્ય સ્પષ્ટ કરતાં પૂર્વ વડાપ્રધાન જવાહરલાલ નહેરુએ કહ્યું છે કે, સ્થાનિક સ્વરાજ એ જ સાચા લોકશાહી તંત્રનો પાયો છે. જ્યાં સુધી લોકશાહીમાં સ્થાનિક સ્વશાસનને પૂરતી અગત્ય ન મળે ત્યાં સુધી દેશમાં લોકશાહી તંત્ર સફળ થઈ શકે નહિ.

## સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓનો વિકાસ

**ઉદ્ભવ અને વિકાસ :** પ્રાચીન સમયથી ગામડું, ભારતના વહીવટીતંત્રનું સૌથી નાનું મહત્ત્વનું એકમ રહ્યું છે. વેદો અને બૌદ્ધ જાતક કથાઓમાં ઈ.સ. પૂર્વે ચોથી અને પાંચમી સદીમાં તેની પ્રમાણભૂત માહિતી મળે છે. આર્ય પ્રજાએ ભારતના સપ્તસિંધુ પ્રદેશમાં વસવાટ કરી, જનપદો સ્થાપ્યાં હતાં. ઋગ્વેદમાં ગામના વડા તરીકે ચૂંટાતા ગ્રામીણનો ઉલ્લેખ થયેલ છે.

'પંચાયતીરાજ' નામના પુસ્તકમાં પંચાયતીરાજના જાણીતા લેખક એસ. કે. ડે લખે છે કે, પ્રાચીન ભારતમાં પ્રત્યેક ગામડું એક નાનું સરખું પ્રજાસત્તાક હતું. ગામનું શાસન પંચાયત દ્વારા ચાલતું. પંચાયત એટલે ગામના પ્રજાજનોએ પસંદ કરેલા પાંચ માણસો એકઠા થઈ ગામનો વહીવટ કરે તેવી વ્યવસ્થા. ગુપ્ત યુગમાં પંચાયતોએ વ્યવસ્થિત સ્થાન પ્રાપ્ત કર્યું હતું. તે સમયે તેઓ પંચાયતો અથવા પંચમંડળ તરીકે ઓળખાતી.

બ્રિટિશ સમય દરમિયાન તેમાં સારો એવો વિકાસ થયો. વહીવટી વિકેન્દ્રીકરણ અને રાજકીય શિક્ષણની દૃષ્ટિએ લૉર્ડ મૅયોની સરકારે 1870ના કાયદા દ્વારા પ્રાંતિક સરકારોને શિક્ષણ, દાક્તરી સારવાર, રસ્તાઓના બાંધકામ જેવા વહીવટી વિભાગોનો વહીવટ સોંપી આ દિશામાં પગલું ભર્યું. 1871માં મદ્રાસ, પંજાબ, બંગાળ, ઉત્તરપ્રદેશની પ્રાંતીય સરકારોએ સ્થાનિક સ્વરાજની સરકારોની સ્થાપના અંગેના કાયદા કરવામાં આવ્યા. 1882માં લૉર્ડ રિપનના એક ખરડા દ્વારા ભાવિ સ્થાનિક સંસ્થાઓના સિદ્ધાંતો નક્કી કરવામાં આવ્યા. આ ખરડાથી જ સાચા અર્થમાં સ્થાનિક સંસ્થાઓનો પ્રારંભ થયો. જેથી લૉર્ડ રિપનને 'સ્થાનિક સંસ્થાઓના પિતા' કહેવામાં આવે છે. મુંબઈમાં લોકલ બોર્ડનો નવો કાયદો અમલમાં આવ્યો. 1889માં

મુંબઈ સરકારે કાયદો બનાવી ગામડામાં સ્વચ્છતા સમિતિ બોર્ડ રચવાની જોગવાઈ કરી.


1907માં નિમાયેલા રોયલ કમિશને સ્થાનિક સંસ્થાઓના કાર્યક્ષેત્ર - વિકેન્દ્રીકરણ અંગે વિસ્તૃત ભલામણો કરી. આના અનુસંધાને ભારત સરકારે 1915માં ઠરાવ કરીને સ્થાનિક સરકારની સંસ્થાઓ માટે માર્ગદર્શક સિદ્ધાંતો નક્કી કર્યા. 1919માં ભારતની મધ્યસ્થ સરકારે સ્થાનિક સંસ્થાઓને પ્રાંતીય સરકારનો વિષય બનાવ્યો. પરિણામ સ્વરૂપ કેટલાક પ્રાંતોએ પંચાયતી સ્થાપવા અંગેના ધારાઓ ઘડ્યા, જેમકે 1920માં 'ધી બોમ્બે વિલેજ પંચાયતી ઍક્ટ' પ્રાંતીય સ્વાયત્તતાના કાયદામાં તેને વેગ આપવામાં આવ્યો.

1946-47માં બંધારણસભામાં રાજ્યનીતિમાં માર્ગદર્શક સિદ્ધાંતોમાં તેનો સમાવેશ થયો. ભારત સરકારે, 'સામુદાયિક વિકાસ'ના નામાભિધાન સાથે વહીવટી માળખું ઊભું કર્યું. તેના અમલીકરણ અને ફલશ્રુતિના સંદર્ભમાં સર્વગ્રાહી મૂલ્યાંકન માટે રાષ્ટ્રીય વિકાસ સમિતિએ 1956માં પોતાનો અહેવાલ આપ્યો જે લોકશાહી વિકેન્દ્રીકરણના હાર્દનો પાયો બન્યો. આમ 'લોકશાહી વિકેન્દ્રીકરણ' શબ્દ તેના પર્યાયરૂપે પ્રચલિત બન્યો. જે આજે 'પંચાયતીરાજ' શબ્દરૂપે ચલણી બન્યો છે.

1977માં અશોક મહેતા સમિતિની રચના તેના મૂલ્યાંકન માટે રચાયેલી. 1984માં પણ સી. એચ. હનુમંતરાવની અધ્યક્ષતામાં પણ તે અંગે સમિતિ નિમાયેલી. તેની ભલામણોના અનુસંધાને 1992માં 73મો અને 74મો બંધારણીય સુધારો કરીને સમગ્ર દેશમાં એકસરખા પંચાયતી તેમજ શહેરી સ્વશાસનની સંસ્થાઓ માટે જોગવાઈઓ કરવામાં આવી.

**(અ) ગ્રામીણ સ્તરની સ્થાનિક સ્વશાસનની સંસ્થાઓ :** આ સંસ્થાઓની રચના ત્રણ સ્તરે કરવામાં આવી છે જે આ પ્રમાણે છે.

**ત્રિસ્તરીય માળખું :**




## પંચાયતીરાજની રચના

પંચાયત શબ્દ બે શબ્દોનો બનેલો છે. 'પંચ' અને 'આયત'. 'પંચ'નો શબ્દાર્થ પાંચ થાય છે. જ્યારે 'આયત'નો અર્થ સ્થળ થાય છે. આમ, પંચાયત એટલે 'પંચનું સ્થળ'. ભારતીય સંસ્કૃતિમાં 'પંચ ત્યાં પરમેશ્વર' ની ઉક્તિ સાર્થક થયેલી છે. આમ, પંચાયત એટલે સ્થાનિક પ્રશ્નોના નિવારણ માટેની પાંચ ડાયા માણસોની સંસ્થા.

## પ્રારંભ

ભારતના બંધારણની કલમ 40 અનુસાર ગ્રામપંચાયતોની રચના કરવા માટે રાજ્યએ પગલાં ભરવાનાં છે અને સ્વરાજ્યના એકમો તરીકે તેઓ કાર્ય કરી શકે તે માટે તેમને જરૂરી સત્તા અને અધિકારો આપવાના છે.

બળવંતરાય મહેતા સમિતિની ભલામણોના સંદર્ભમાં 2 ઑક્ટોબર, 1959માં રાજસ્થાનથી પંચાયતીરાજનો આરંભ થયો. 1960 થી ગુજરાત રાજ્યની રચના થઈ અને 1963થી ગુજરાતમાં પંચાયતીરાજનો પ્રારંભ થયો છે. 1964થી સમગ્ર ભારતમાં

પંચાયતીરાજની ભાવના દઢ બની છે. લોકશાહી વિકેન્દ્રીકરણના હાર્દ રૂપ પંચાયતીરાજના આ અભિનવ પ્રયોગે સ્થાનિક કક્ષાએ લોકોની સામેલગીરી કે ભાગીદારીથી સ્વરાજના ક્ષેત્રે ક્રાંતિ સર્જી છે.

વીસ લાખથી ઓછી વસ્તી ધરાવતાં ઘટક રાજ્યો માટે દ્વિસ્તરીય અને તેથી વધુ વસ્તી ધરાવતાં રાજ્યો માટે ત્રિસ્તરીય પંચાયતીરાજની વ્યવસ્થા થઈ છે.

1992માં ભારતીય સંસદે 73માં અને 74માં બંધારણીય સુધારા પસાર કરીને અનુક્રમે ગ્રામીણ અને શહેરી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓને બંધારણીય દરજ્જો આપ્યો છે. હવે આ બંને પ્રકારની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓનો સ્વીકાર શાસનના ત્રીજા સ્તર તરીકે કરવામાં આવ્યો છે. આ બંને પ્રકારની સંસ્થાઓમાં $\frac{1}{3}$ જેટલી બેઠકો મહિલાઓ માટે અનામત રાખવામાં આવેલ છે. ઉપરાંત તેના અધ્યક્ષ અથવા ચેરપર્સનનાં પદો માટે પણ $\frac{1}{3}$ બેઠકો મહિલાઓ માટે અનામત રાખવામાં આવેલ છે. આ સંસ્થાઓમાં નિયમિત ચૂંટણીઓ યોજાય તે માટે પણ જોગવાઈ કરવામાં આવી છે. રાજ્ય સરકારો તરફથી આ સંસ્થાઓને જરૂરી નાણાં કે ગ્રાન્ટની ફાળવણી માટે રાજ્ય નાણાપંચની રચના કરવાની જોગવાઈ પણ કરવામાં આવેલ છે. ઉપરાંત આ બંને પ્રકારની સંસ્થાઓને કયાં કાર્યો કરવાનાં છે તેની સૂચિઓ (સૂચિ નં. 11 ગ્રામીણ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ અને સૂચિ નં. 12 શહેરી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ)નો બંધારણમાં ઉમેરો કરવામાં આવ્યો છે. આમ, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ (ગ્રામીણ અને શહેરી) હવે ભારતીય રાજ્યપ્રથાના ત્રીજા અને પાયાના સ્તર તરીકે સ્થાપિત થઈ છે.

1992ના 73મા બંધારણીય સુધારા મુજબ આ અંગે વિશદ જોગવાઈઓ થઈ છે.

**(1) ગ્રામપંચાયત :**

**રચના :**

(ક) ગ્રામપંચાયત ગામનું સ્થાપિત મંડળ છે. તેની રચના માટે ઓછામાં ઓછી 500ની વસ્તીની અનિવાર્યતા છે. 15,000 સુધીની વસ્તી માટે ગ્રામપંચાયત રચાય છે. ક્યારેક થોડાંક ગામડાંઓની જૂથ પંચાયત પણ રચાય છે.

(ખ) ગામની 3000 વસ્તી સુધી 7 સભ્યો અને તેથી વધુ દર હજાર કે તેના ભાગની વસ્તીએ વધારાના બે સભ્યો અને વધુમાં વધુ 15 સભ્યોની તે બને છે.

(ગ) છેલ્લી વસ્તી-ગણતરીના જાહેર થયેલા આંકડાઓ મુજબ ગામની વસ્તીને સમાન ધોરણે જનસંખ્યાની વહેંચણી કરી વોર્ડની રચના થાય છે. વોર્ડ વાર સભ્યોની પુખ્તવય મતાધિકારનાં ધોરણે પ્રત્યક્ષ પદ્ધતિથી ગુપ્ત મતદાનની પ્રક્રિયા વડે ચૂંટણી થાય છે. તાજેતરના ગુજરાત સરકારના પેટા નિયમો મુજબ કોઈ નાગરિક એકી સાથે બે વોર્ડથી વધુ વોર્ડમાં ઉમેદવારી કરી શકતા નથી. ચૂંટાવા માટેની વયમર્યાદા 21 વર્ષની છે.

ગ્રામપંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત એમ ત્રણેય સ્તરે બેઠકોના પ્રમાણમાં સ્ત્રીઓ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તેમજ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગને યોગ્ય પ્રતિનિધિત્વ મળે તે માટે અનામત બેઠકોની જોગવાઈ કરવામાં આવી છે. મહિલાઓ માટે 33% અનામતની જોગવાઈ કરવામાં આવે છે અને વારાફરતી (રોટેશન) પદ્ધતિથી બેઠકો ફાળવવામાં આવે છે. ગુજરાતમાં આ અનામત બેઠકોની સંખ્યા 2015થી 33 ટકાથી વધારી 50 ટકા સુધી કરવામાં આવી છે.

ગામની મતદારયાદીમાં જે વ્યક્તિનું નામ સમાયેલું હોય તેવો ભારતનો કોઈપણ નાગરિક ગ્રામપંચાયતના સભ્ય કે સરપંચપદ માટે ઉમેદવારી કરવા સક્ષમ છે.

ગુજરાત સરકારે જે ગામમાં બિનહરીફ ચૂંટણી થાય તેને માટે 'સમરસતા પુરસ્કાર' જાહેર કરેલ છે. ગ્રામપંચાયત ક્ષેત્રે સમરસ અને મહિલા સમરસ એમ બે પ્રકારે પુરસ્કારની જોગવાઈઓ છે.

**સરપંચ :** ગ્રામપંચાયતના પ્રમુખને સરપંચ કહે છે. સમગ્ર ગામના મતદારો દ્વારા ચૂંટણી પંચની દેખરેખ નીચે પ્રત્યક્ષ ધોરણે

સરપંચની ચૂંટણી થાય છે. જેઓની અધ્યક્ષતામાં ગ્રામપંચાયતની બેઠકો મળે છે. તેમની મુદત પાંચ વર્ષની છે. પરંતુ ગ્રામપંચાયતના સભ્યો તેની સામે અવિશ્વાસની દરખાસ્ત લાવી શકે.

રાજ્યના સરપંચની ચૂંટણીમાં પણ પંચાયતીરાજ નિયમોની જોગવાઈ મુજબ સ્ત્રીઓ, અનુસૂચિત જાતિ અને જનજાતિ તેમજ બક્ષીપંચના સભ્યો માટે સરપંચનો હોદ્દો અનામત રાખવાની જોગવાઈ છે.

સરપંચ દ્વારા ગ્રામસભાને વર્ષમાં બેવાર બોલાવવાની ફરજિયાત જોગવાઈ પંચાયતધારામાં છે. આ સભા ગ્રામપંચાયતનું હૃદય છે. તેના દ્વારા ગ્રામપંચાયત સતત ચેતનવંતી અને ધબકતી રહે છે. કેટલાક વિચારકો ગ્રામસભાનું મહત્ત્વ પીછાણીને તેને ગામની 'ધારાસભા' તરીકે ઓળખાવે છે.

**ઉપસરપંચ**

ઉપસરપંચની ચૂંટણી ગ્રામપંચાયતના ચૂંટાયેલા સભ્યો ગ્રામપંચાયતની પ્રથમ સામાન્ય બેઠકમાં કરે છે. આમ, તે ચૂંટણી પરોક્ષ ધોરણે થાય છે. સામાન્યતઃ તેઓ પાંચ વર્ષ માટે ચૂંટાય છે. પરંતુ અવિશ્વાસની દરખાસ્ત પસાર કરીને તેમને હોદ્દા પરથી દૂર કરી શકાય છે.

**વહીવટી અધિકારી :** ગ્રામપંચાયતના અધિકારીને તલાટી-કમ-મંત્રી કહે છે. જે સરપંચના સચિવ તરીકે કાર્ય કરે છે. તેઓ સ્થાનિક નિવાસ કરી ગ્રામપંચાયતનાં કાર્યોને સતત વેગવંતા રાખે છે. તેઓએ સરકારી દફતરો, જમીન મહેસૂલ, પંચાયતની રાજ્યની યોજનાઓના સંદર્ભમાં તાલુકા-જિલ્લા પંચાયત સાથે સતત અનુસંધાન રાખવાનું હોય છે. દૈનિક-રોજમેળ, હિસાબ વગેરે નાણાકીય વ્યવહારો સરપંચની નિશ્રામાં રહીને કરવાના હોય છે.

**સમિતિઓ**

ગ્રામપંચાયત યોગ્ય રીતે કામગીરી કરી શકે તે માટેની નીચેની સમિતિઓ રચાય છે :

(1) કારોબારી (2) અપીલ (3) સામાજિક ન્યાય (4) શૈક્ષણિક (5) પાણી (6) બાંધકામ (7) સ્વચ્છતા (8) આરોગ્ય જેવી સમિતિઓ રચાય છે.

**નાણાકીય સ્રોત :** પંચાયતીધારાની 243 કલમ મુજબ ગ્રામપંચાયતોને આર્થિક સહાય કરવા રાજ્ય નાણાપંચની રચના થઈ છે. આ સંસ્થાના આવકના અન્ય સ્ત્રોતોમાં રાજ્ય સરકારની સહાય, ઘરવેરો, શિક્ષણવેરો, વાહનવેરો, મેળાઉત્સવ આયોજન આવક, વીજળીવેરો અને ઑક્ટ્રોય અને જમીન મહેસૂલ વગેરે મુખ્ય છે. જોકે ગુજરાત સરકારે અને કેટલાંક રાજ્યોએ ગ્રામપંચાયતોમાંથી ઑક્ટ્રોયનાબૂદી કરી છે; પરંતુ તે આવકના સંદર્ભમાં ખાસ અનુદાન આપે છે.

**ગ્રામપંચાયતનાં કાર્યો**

પંચાયતીરાજની સંસ્થાઓને જે કાર્યો સોંપવાનું બંધારણીય રીતે ઠરાવ્યું છે. તેના મહત્ત્વના-પાયાના બે ઉદ્દેશ્ય છે :

(1) દરેક સ્તરની પંચાયત પોતાના વિસ્તારની આર્થિક વિકાસની યોજનાઓ તૈયાર કરીને તેમનો અમલ કરે.

(2) પોતાના વિસ્તારમાં સામાજિક ન્યાય પ્રસ્થાપિત થાય તેવી યોજનાઓ દરેક સ્તરની પંચાયતો તૈયાર કરે અને તેનો અમલ કરે.

ગ્રામ કક્ષાએ વિકાસ કરવા માટે યોજના ઘડવાની જવાબદારી એ ગ્રામપંચાયતનું મુખ્ય કાર્ય ગણાય છે. તાલુકા અને જિલ્લા પંચાયત પોતાનાં લક્ષ્યાંકોને પાર પાડવા જે કાર્યોની જવાબદારી સોંપે તે પણ ગ્રામપંચાયતે કરવાનાં હોય છે.

ગ્રામપંચાયતોને કરવાનાં કાર્યોને ફરજિયાત કાર્યો અને મરજિયાત કાર્યો એવા બે વિભાગમાં વહેંચવામાં આવે છે.

**(ક) ફરજિયાત કાર્યો :**

(1) પીવાના તથા ગૃહ વપરાશના પાણીની વ્યવસ્થા (2) જાહેર કૂવા અને તળાવની મરામત તેમજ જાળવણી

(3) દીવાબત્તીની વ્યવસ્થા (4) રસ્તાઓની મરામત અને સફાઈ (5) આરોગ્યની જાળવણી (6) સ્મશાનગૃહની જાળવણી (7) ખેતીવાડી અને સહકારી પ્રવૃત્તિમાં વિકાસનાં કાર્યો (8) જન્મ, મૃત્યુ, લગ્નની નોંધણી (9) ગ્રામપંચાયતની મિલકતની જાળવણી (10) ગૃહરક્ષક દળની રચના અને તેની કામગીરી (11) જમીન મહેસૂલ તથા સરકારી લેણાની વસૂલાત (12) પશુસંવર્ધન તથા તેની દેખભાળ (13) વસ્તીગણતરી કાર્યમાં મદદ અને સામાજિક શિક્ષણનાં કાર્યો (14) ચેપી રોગ અટકાવવા માટે પગલાં લેવાં.

**(ખ) મરજિયાત કાર્યો :**

(1) વૃક્ષારોપણ (2) ધર્મશાળા, આરામગૃહો, નાહવાના ઘાટ બનાવવા (3) વ્યાયામ શાળા, પુસ્તકાલય, બગીચો વગેરેની વ્યવસ્થા (4) અનાજ-ભંડોળની વ્યવસ્થા (5) કુદરતી આપત્તિ સમયનાં કાર્યો (6) સામુદાયિક કેન્દ્રો ચલાવવાં (7) પ્રજાસેવાનાં અન્ય કાર્યો.

**મુદત :** સામાન્ય રીતે ગ્રામપંચાયતની મુદત પાંચ વર્ષની છે; પરંતુ તેમાં રાજ્ય સરકાર વધારો-ઘટાડો કરી શકે છે. જરૂર પડે તો વિસર્જન પણ કરી શકે છે. ગુજરાતમાં વર્ષ 2015માં 13,996 ગ્રામપંચાયતો અસ્તિત્વમાં છે.

**(2) તાલુકા પંચાયત :**

પંચાયતીરાજનું વચલું સ્તર તાલુકા પંચાયત છે.

**રચના :** તાલુકા પંચાયતની સભ્ય-સંખ્યા ઓછામાં ઓછી 15 અને વધુમાં વધુ 31 સભ્યોની હોય છે. એક લાખની વસ્તી સુધી 15 સભ્યો અને તેથી વધુ સભ્યો માટે વધારાની 25,000 કે તેથી વધુ વસ્તી માટે વધારાના બે સભ્યોની જોગવાઈ છે. આ વિસ્તારમાં આવતા ધારાસભ્યો પણ તાલુકા પંચાયતના સહસભ્યો ગણાય છે. તેમને મત આપવાનો અધિકાર નથી.

સમગ્ર તાલુકાની વસ્તીના સંખ્યાના પ્રમાણને સરખે હિસ્સે વહેંચીને મતદાર વિસ્તાર રચાય છે. પ્રત્યેક મતદાર વિસ્તાર દીઠ એક સભ્ય ચૂંટાય છે. ચૂંટાવા માટેની વયમર્યાદા 21 વર્ષની છે. તેમની ચૂંટણી રાજ્ય ચૂંટણીપંચની નિશ્રામાં, પુખ્ત વય મતાધિકારના ધોરણે પ્રત્યક્ષ પદ્ધતિથી થાય છે. તેમાં 50 % મહિલા અનામતની પણ જોગવાઈ છે. રાજકીય પક્ષો પોતાના ઉમેદવારોને ઊભા રાખે છે.

**પ્રમુખ-ઉપપ્રમુખ**

તાલુકા પંચાયતના પદાધિકારીઓ એટલે કે પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી પરોક્ષ ધોરણે ચૂંટાયેલા સભ્યો દ્વારા કરવામાં આવે છે. પ્રમુખના અધ્યક્ષપણા નીચે જ તાલુકા પંચાયતની બેઠકો મળે છે. ઉપપ્રમુખ પ્રમુખને તેમના તાલુકા પંચાયતનાં વિકાસ કાર્યોમાં સહયોગ આપે છે. કોઈક સંજોગોમાં પ્રમુખનો હોદ્દો ખાલી પડે તો ઉપપ્રમુખ તેનો ચાર્જ (વહીવટ) સંભાળી લે છે.

પ્રમુખનો હોદ્દો મહિલાઓ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ કે સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટે અનામત રાખવાની પંચાયતધારામાં જોગવાઈ છે. રાજ્યની કુલ તાલુકા પંચાયતોમાં 50 % તાલુકા પંચાયતના પ્રમુખનો હોદ્દો મહિલાઓ માટે અનામત રખાય છે. તાલુકાની વસ્તીમાં જો 15 % વસ્તી બક્ષીપંચ કે અનુસૂચિત જાતિ કે જનજાતિની હોય તો 15% હોદ્દાઓ તેને માટે અનામત રખાય છે.

પ્રમુખ અને ઉપપ્રમુખ સામે અવિશ્વાસની દરખાસ્ત પસાર થાય તો પદત્યાગ કરવો પડે છે. 1986નો પક્ષાંતર ધારો તાલુકા પંચાયતના સભ્યોને પણ સ્પર્શે છે. જો પ્રમુખ અંદાજપત્ર પસાર કરવામાં સફળ ન બને તો તે પણ અવિશ્વાસની દરખાસ્ત ગણવામાં આવે છે.

**વહીવટી અધિકારી :** તાલુકા પંચાયતના અધિકારીને તાલુકા વિકાસ અધિકારી (T.D.O.) કહે છે. તે પ્રમુખના સચિવ તરીકે સેવા આપે છે. તે તાલુકા પંચાયતના વહીવટી કારોબારીના વડા છે. તેની તેમજ અન્ય કર્મચારીઓની ભરતી, બઢતી, બદલી સરકાર તેમજ જિલ્લા પંચાયત સાથે રહીને કરે છે.

**સમિતિઓ :** આ સંસ્થામાં કારોબારી સમિતિ તેમજ સામાજિક કલ્યાણ સમિતિ નામની બે સમિતિઓ ચૂંટાયેલા

સભ્યોમાંથી રચાય છે. તેની સભ્ય-સંખ્યા તાલુકા પંચાયતના સભ્યોને અનુરૂપ હોય છે. કારોબારી સમિતિ પોતાના સભ્યોમાંથી એક સભ્યને અધ્યક્ષ તરીકે ચૂંટી કાઢે છે. જ્યારે સામાજિક કલ્યાણ સમિતિના સભ્યો તેમજ અધ્યક્ષનું સ્થાન અને પસંદગી, અનુસૂચિત જાતિના સભ્યો માટે અનામત છે. અન્ય સમિતિઓમાં શિક્ષણ, ખેતીવાડી, સહકાર, લઘુસિંચાઈ, સફાઈ, આરોગ્ય વગેરે સમિતિઓ સ્થપાય છે.

**નાણાકીય સ્રોત**

તાલુકા પંચાયતના આવકના સ્રોતોમાં સરકારી અનુદાન, સહાય, સ્ટેમ્પ ડ્યૂટીની આવક, જમીન મહેસૂલનો હિસ્સો મુખ્ય છે.

ગુજરાતમાં વર્ષ 2015માં કુલ 249 તાલુકા પંચાયતો છે.

ગુજરાતમાં દિલીપસિંહ ભૂરિયા સમિતિનો અહેવાલ સ્વીકારાયો છે. તેની જોગવાઈઓ મુજબ જે ગામ, તાલુકા અને જિલ્લાની કુલ વસ્તીમાં થઈ એકાવન ટકા વસતી અનુસૂચિત જનજાતિ (આદિવાસીઓ)ની હશે, ત્યાં-ત્યાં કાયમ માટે સરપંચ, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતનું પ્રમુખપદ અનુસૂચિત જનજાતિ માટે અનામત રખાશે. આ દિશામાં પહેલ થઈ ચૂકી છે. ગુજરાતમાં અમીરગઢથી આહવા સુધીની પૂર્વપટ્ટીનો વિસ્તાર તેમાં સામેલ છે.

**તાલુકા પંચાયતનાં કાર્યો**

(1) સ્વાસ્થ્ય, સફાઈ (2) બાંધકામ (3) સમાજશિક્ષણ (4) શિક્ષણ સંસ્કાર (5) સામૂહિક વિકાસ (6) ખેતીવાડી-સિંચાઈ (7) પશુસંવર્ધન (8) ગ્રામોદ્યોગ અને નાના ઉદ્યોગોનો વિકાસ (9) સહકારક્ષેત્ર (10) સ્ત્રીકલ્યાણ (11) સમાજકલ્યાણ (12) રાહતનાં ક્ષેત્રો (13) આંકડાસંગ્રહ (14) જંગલવિકાસ (15) માહિતી-મનોરંજન

**મુદત :** સામાન્ય રીતે, તાલુકા પંચાયતની મુદત પાંચ વર્ષની છે પરંતુ તે મુદતમાં વધારો કે વિસર્જન સરકાર દ્વારા થઈ શકે છે.

**(3) જિલ્લા પંચાયત :**

ત્રિસ્તરીય પંચાયતીરાજના માળખામાં સૌથી ટોચનું એકમ જિલ્લા પંચાયતનું છે.

**રચના :** આ સંસ્થામાં ઓછામાં ઓછી સભ્યસંખ્યા 31 અને વધુમાં વધુ 51ની હોય છે. છેલ્લી વસ્તી ગણતરી મુજબ જિલ્લાને જુદા-જુદા પ્રાદેશિક મતદારમંડળોમાં વિભાજિત કરી સભ્યોને ચૂંટવામાં આવે છે. તેમાં ચૂંટાવા માટે વયમર્યાદા 21 વર્ષની છે.

આ સંસ્થાની રચના

(ક) મતદાર મંડળો દ્વારા ચૂંટાયેલા સભ્યો

(ખ) તાલુકા પંચાયતના પ્રમુખો

(ગ) જિલ્લામાં વસવાટ કરતા-ચૂંટાયેલા ધારાસભ્યો, સંસદ સભ્યો જેવા આમંત્રિત સભ્યોથી રચાય છે. આ આમંત્રિત સભ્યોને ચર્ચામાં ભાગ લેવાનો હક છે પરંતુ મતદાનમાં ભાગ લઈ શકતા નથી.

**પ્રમુખ-ઉપપ્રમુખ :** પ્રથમ સામાન્ય બેઠકમાં જિલ્લા પંચાયતના પ્રમુખ તેમજ ઉપપ્રમુખની ચૂંટણી કરવામાં આવે છે. તેમની મુદત સામાન્યતઃ પાંચ વર્ષની છે; પરંતુ તે મુદત પહેલાં અવિશ્વાસની દરખાસ્ત કે નૈતિક અધઃપતનના મુદ્દા ઉપર વિકાસ કમિશનર દ્વારા હોદ્દો ત્યાગ કરવાની ફરજ પાડી શકાય છે. પ્રમુખની ગેરહાજરીમાં ઉપપ્રમુખ હોદ્દાની રૂએ ચાર્જ સંભાળે છે.

**નાણાકીય સ્રોત :** આવકના મુખ્ય સ્રોતમાં જમીન-મહેસૂલ, સ્ટેમ્પ ડ્યૂટી, ઉત્સવમેળા આયોજન, સરકારી અનુદાન સહાય અને નાણાપંચની ખાસ સહાયની જોગવાઈ મુખ્ય છે.

**વહીવટી અધિકારી :** જિલ્લા પંચાયતના પ્રમુખને વિકાસ કાર્યોમાં મદદ તેમજ સલાહ આપવા માટે પ્રથમ વર્ગના અધિકારીની નિમણૂક કરવામાં આવે છે. તેમને જિલ્લા વિકાસ અધિકારી કહે છે તેને અંગ્રેજીમાં (ડિસ્ટ્રિક્ટ ડેવલપમેન્ટ

ઑફિસર DDO) કહે છે. તેમની નિમણૂક રાજ્ય સરકાર દ્વારા થાય છે. તેઓ પ્રમુખના સચિવ તરીકે કાર્ય કરે છે. તેમની સાથે સંકળાયેલા અન્ય અધિકારીઓ તેમજ કર્મચારીઓની ભરતી-બઢતી-બદલી કે બરતરફી પણ રાજ્ય સરકાર દ્વારા થાય છે.

**સમિતિઓ :** જિલ્લાના વિકાસ માટે જિલ્લા પંચાયતમાં નીચેની સમિતિઓ હોય છે :

(1) કારોબારી (2) શિક્ષણ (3) જાહેર આરોગ્ય (4) સમાજકલ્યાણ (5) બાંધકામ (6) અપીલ (7) ઉત્પાદન અને સહકાર (8) મહિલા - બાળકલ્યાણ (9) સિંચાઈ (10) હળપતિ - ભૂમિહીન ખેતમજૂરોના આવાસ - બાંધકામ સમિતિ (11) નાણાકીય અંદાજસમિતિ (12) 1986 થી 20 મુદ્દા કાર્યક્રમ અમલ સમિતિ પણ રચાય છે. તેમાં સભ્યો અને અધ્યક્ષની વ્યવસ્થા પણ પંચાયતધારા મુજબ થાય છે.

**જિલ્લા પંચાયતનાં કાર્યો :** (1) સ્વાસ્થ્ય, સફાઈ (2) બાંધકામ (3) શિક્ષણ સંસ્કાર (4) વહીવટી (5) સામૂહિક વિકાસ (6) ખેતીવાડી (7) પશુસંવર્ધન (8) ગ્રામોદ્યોગ અને નાના ઉદ્યોગોનો વિકાસ (9) સમાજકલ્યાણ (10) રાહત-મદદ (11) નાની સિંચાઈ યોજના (12) મહિલા અને બાળકલ્યાણ (13) સહકાર ક્ષેત્ર (14) જંગલ વિકાસ (15) આંકડાસંગ્રહ

**મુદત :** જિલ્લા પંચાયતની મુદત સામાન્ય રીતે પાંચ વર્ષની છે. મુદત પહેલાં વિસર્જન થઈ શકે છે. 1986 ના પક્ષપલટાના ધારા મુજબ પક્ષપલટાની સ્થિતિમાં અંદાજપત્ર પસાર ન થઈ શકે અથવા અવિશ્વાસની દરખાસ્ત માટે પૂરતી સભ્ય-સંખ્યા $\frac{2}{3}$ ની બહુમતી થાય તો કેટલીક મુદત સુધી જિલ્લા પંચાયતને વહીવટદાર નીમીને સુષુપ્ત અવસ્થામાં રખાય છે.

ગ્રામપંચાયત અને તાલુકા પંચાયત જેવી તાબાની સંસ્થાઓ દ્વારા જિલ્લા પંચાયત વિકાસ કાર્યોને પાર પાડે છે. અમલી બનાવે છે.

ગુજરાતમાં હાલ વર્ષ 2017ની સ્થિતિએ 33 જિલ્લા પંચાયતો છે.

આમ, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓનું કાર્યક્ષેત્ર વ્યાપક સ્વરૂપે સ્થાનિક બાબતોને આવરી લે છે.

**(બ) શહેરી સ્તરની સ્થાનિક સ્વશાસનની સંસ્થાઓ :**

બંધારણના 74મા સુધારા અનુસાર શહેરી વિસ્તારોમાં સ્થાનિક સ્વશાસન એટલે કે સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની જોગવાઈ કરવામાં આવી છે. શહેરી વિસ્તારોમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાનું પ્રથમ એકમ નગરપાલિકા છે.

**(1) નગરપાલિકા :** બ્રિટિશ સમયે ઈ.સ. 1888માં સૌપ્રથમ શહેર સુધરાઈ તરીકે મદ્રાસ (ચેન્નઈ)થી તેનો આરંભ થયેલો છે.

**રચના :** જાહેર થયેલી છેલ્લી વસ્તી-ગણતરીને આધારે સમાનતાને ધોરણે નગરની કુલ વસતીને વૉર્ડમાં વિભાજિત કરવામાં આવે છે. નગરપાલિકાની સભ્યસંખ્યા ઓછામાં ઓછી 27 અને વધુમાં વધુ 51 હોઈ શકે છે. પ્રત્યેક વોર્ડમાંથી ચાર સભ્યો ચૂંટાય છે. તેમાં પણ મહિલાઓ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ માટે અને બક્ષીપંચ માટે બેઠકોની સંખ્યા મુજબ નિયમાનુસાર અનામત બેઠકો રખાય છે.

છેલ્લી વસ્તી ગણતરીના આધારે તૈયાર થયેલી અદ્યતન મતદાર યાદી મુજબ, રાજ્ય ચૂંટણીપંચની દેખરેખ નીચે જિલ્લા કલેક્ટર અને પ્રાંત ઑફિસર દ્વારા પુખ્તવય મતાધિકારના ધોરણે પ્રત્યક્ષ પદ્ધતિથી ચૂંટણી થાય છે. જે-તે નગર કે શહેર વિસ્તારમાં રહેતા ધારાસભ્ય તેમજ સંસદસભ્ય જે-તે નગરપાલિકાના સહસભ્યો ગણાય છે. તેઓ ચર્ચામાં ભાગ લઈ શકે છે; પરંતુ મતનો અધિકાર ધરાવતા નથી.

**પદાધિકારીઓ :** પ્રથમ સામાન્ય બેઠકમાં ચૂંટાયેલા સભ્યો પોતાનામાંથી પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી કરે છે. પ્રમુખ જે-તે શહેરના 'પ્રથમ નાગરિક' ગણાય છે. આ પદાધિકારીઓની મુદત ગુજરાતમાં અઢી વર્ષની છે. આમાં સરકારે ઠરાવેલી ક્રમિક પદ્ધતિથી સ્ત્રીઓ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે પ્રમુખપદ વારાફરતી અનામત રાખવામાં આવે છે.

**વહીવટી અધિકારીઓ :** નગરપાલિકાના સમગ્ર વહીવટ ઉપર દેખરેખ રાખવા સરકાર તરફથી મુખ્ય વહીવટી અધિકારી

(ચિફ ઑફિસર)ની નિમણૂક કરવામાં આવે છે. તેઓ પ્રમુખના સચિવ તરીકે કાર્ય કરે છે.

**સમિતિઓ :** નગરપાલિકા પોતાના સુચારુ વહીવટ માટે તેમજ પ્રજાની સુવિધાઓ પૂર્ણ કરવા માટે નીચેની સમિતિઓની રચના કરે છે અને તેના સભ્યો અધ્યક્ષની નિમણૂક કરે છે. જેમાં -

(1) કારોબારી સમિતિ (2) શિક્ષણસમિતિ (3) પાણીસુવિધા સમિતિ (4) વીજસુવિધા સમિતિ (5) જકાતવેરા (ઑક્ટ્રોય) સમિતિ (6) સ્વચ્છતા-આરોગ્ય સમિતિ (7) બગીચાવિકાસ સમિતિ (8) ટાઉનપ્લાનિંગ સમિતિ (9) બાંધકામ-રોડ રસ્તા સમિતિ વગેરેનો સમાવેશ થાય છે.

હવે શિક્ષણસમિતિ સંચાલિત પ્રાથમિક શિક્ષણને જિલ્લા પંચાયત હસ્તક લેવાની પ્રક્રિયા ગુજરાતમાં શરૂ થઈ ચૂકી છે.

**નાણાકીય સ્રોત :** મનોરંજન વેરો, વીજળીવેરો, પાણીવેરો, ઘરવેરો, શિક્ષણવેરો, સ્ટેમ્પ ડ્યૂટી, વાહનવેરો, સરકારી સહાય કે અનુદાન તેમજ ધારાસભ્ય અને સંસદ સભ્યની ગ્રાન્ટ તેમજ આયોજન મંડળમાંથી સહાય વગેરે તેમની આવકના મુખ્ય સ્રોત છે.

ગુજરાતમાં હાલમાં 259 નગરપાલિકા અસ્તિત્વમાં છે.

ગુજરાત સરકારે નગરપાલિકાક્ષેત્રે ઑક્ટ્રોય નાબૂદ કરેલ છે; પરંતુ તેના વિકલ્પરૂપે દર વર્ષે ત્રણ હપતામાં ખાસ સહાય (ગ્રાન્ટ) સરકાર આપે છે અને પ્રથમ ત્રણ વર્ષ સુધી નક્કી થયેલી ગ્રાન્ટના સાડા સાત ટકા ઉચ્ચક પગાર પેટે અપાય છે.

**(2) મહાનગરપાલિકા :**

શહેરી વિસ્તારોમાં આવેલી આ ટોચની સંસ્થા છે. જેને મ્યુનિસિપલ કૉર્પોરેશન તરીકે ઓળખવામાં આવે છે. ત્રણ લાખથી વધુ વસ્તી ધરાવતા શહેરને મહાનગરપાલિકાનો દરજ્જો પ્રાપ્ત થાય છે. જેમકે ગુજરાતમાં તાજેતરમાં જૂનાગઢ શહેરને મહાનગરપાલિકાનો દરજ્જો પ્રાપ્ત થયો છે. હાલમાં ગુજરાતમાં અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, જામનગર, ભાવનગર, જૂનાગઢ અને ગાંધીનગરમાં મહાનગરપાલિકાઓ આવેલી છે.

પચાસ લાખથી વધુ વસ્તીવાળા શહેરને મેગાસિટી એટલે કે મહાનગર નિગમનો દરજ્જો પ્રાપ્ત થાય છે. ભારતમાં મુંબઈ, ચેન્નઈ, દિલ્લી, કોલકાતા આ દરજ્જો ભોગવે છે. ભારત સરકાર આવાં શહેરોને ખાસ વિકાસ-સહાય આપે છે. મેગાસિટી એટલે કે મહાનગર નિગમનો દરજ્જો આપવાની સત્તા ભારત સરકારને છે.

**રચના :**

છેલ્લી વસ્તી-ગણતરીમાં પ્રસિદ્ધ થયેલા આંકડાઓ મુજબ શહેરમાં સરખે હિસ્સે વોર્ડ-મતવિસ્તારની રચના કરાય છે. ગુજરાત સરકારના નવા સુધારા મુજબ કોઈ સભ્ય એકી સાથે બે વોર્ડથી વધુ વોર્ડમાં ચૂંટણી લડી શકતા નથી.

અમદાવાદ મહાનગરપાલિકામાં 192 કૉર્પોરેટર છે.

જેનું નામ મતદારયાદીમાં નોંધાયેલું હોય તેવો 21 વર્ષની ઉંમર ધરાવતો કોઈ પણ નાગરિક આ સંસ્થાની ચૂંટણી લડી શકે છે. આમાં સરકારના નીતિ-નિયમો મુજબ મહિલાઓ તેમજ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે અનામત બેઠકો રાખવામાં આવે છે. ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની તમામ સંસ્થાઓમાં વધુમાં વધુ બે બાળકો ધરાવતી વ્યક્તિ જ સભ્યપદ ધરાવી શકે છે. આ ઉપરાંત તેમના પોતાના નિવાસ સ્થાને શૌચાલય હોવું જરૂરી છે.

**પદાધિકારીઓ :** પ્રથમ સામાન્ય સભાની બેઠકમાં ચૂંટાયેલા સભ્યોમાંથી પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી કરવામાં આવે છે. પ્રમુખને નગરપતિ અથવા મેયર કહેવામાં આવે છે. ઉપપ્રમુખને ડેપ્યુટી મેયર કહે છે. મેયર શહેરનો 'પ્રથમ નાગરિક' ગણાય છે. મેયરનો હોદ્દો પણ ક્રમિક રીતે વારાફરતી સ્ત્રીઓ તેમજ પછાત વર્ગો માટે અનામત રખાય છે. મહિલા મેયર માટે 'ચૅરપર્સન' શબ્દ પ્રચલિત થયો છે. મેયર તેમજ ડેપ્યુટી મેયરની મુદત ગુજરાતમાં અઢી વર્ષની નિર્ધારિત થઈ છે.

**વહીવટી અધિકારીઓ :**

મહાનગરપાલિકાના વહીવટ માટે જે અધિકારીની જોગવાઈ કરવામાં આવી છે તેમને મ્યુનિસિપલ કમિશનર કહેવામાં

આવે છે. જરૂરિયાત મુજબ વિભાગીય ડેપ્યુટી કમિશનરો પણ નીમાય છે. તેમની નિમણૂક રાજ્ય સરકાર પ્રથમ સંવર્ગના (વર્ગ-1 કક્ષાના) અધિકારીઓમાંથી કરે છે. તેમની બઢતી, બદલી, બરતરફી સરકારની ઇચ્છાને આભારી છે. તેઓ મેયરને બજેટ તથા અન્ય કામગીરીમાં મદદરૂપ થાય છે.

**સમિતિઓ :**

આ સંસ્થા પ્રજાની સુખ-સુવિધા માટે નીચે મુજબની સમિતિઓ રચે છે. જેમાં-

(1) કારોબારી સમિતિ (2) શિક્ષણસમિતિ (3) પાણીપુરવઠા સમિતિ (4) વિદ્યુતસેવા સમિતિ (5) જાહેર આરોગ્ય સમિતિ (6) હૉસ્પિટલ સમિતિ (7) ઑક્ટ્રોય સમિતિ (8) બાગબગીચા સમિતિ (9) સફાઈ સેનિટેશન સમિતિ (10) વાહનવ્યવહાર સમિતિ (11) બાંધકામ સમિતિ

**નાણાકીય સ્રોત :** આ સંસ્થાના મુખ્ય નાણાકીય આવકનાં સાધનોમાં મકાનવેરો, જકાતવેરો, વેચાણવેરો, પાણીવેરો, મનોરંજન વેરો, સરકારી સહાય તેમજ ધારાસભ્યો અને સંસદ સભ્યોના વિકાસ કામો માટે ફાળવાતી ગ્રાન્ટ મુખ્ય છે. 10 લાખથી વધુ વસ્તીવાળાં શહેરોના વિકાસ માટે મૅટ્રોપૉલિટન પ્લાનિંગ કમિટીની જોગવાઈ પણ છે.

**મુદત :** મહાનગરપાલિકાની મુદત સામાન્યતઃ પાંચ વર્ષની છે. છતાં જો તે ફરજો બજાવવામાં બિનકાર્યક્ષમ પુરવાર થાય તો સુપરસીડ કરી શકાય છે. સુપરસીડ થયેલી આ સંસ્થાની ચૂંટણી છ માસમાં જ કરવી પડે છે. ટૂંકમાં રાજ્ય સરકાર તેના ઉપર પૂરેપરો અંકુશ ધરાવે છે.

**કાર્યો :**

શહેરી વિસ્તારની તમામ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓને નીચે મુજબ કર્તવ્યો બજાવવાં પડે છે. 1992ના 74માં બંધારણીય સુધારા મુજબ બંધારણની બારમી સૂચિમાં તેનો ઉલ્લેખ કરેલ છે :

(1) નગરયોજનાના અંતર્ગત નગરીય આયોજન (2) ભૂમિ-જમીન સંપાદન અને મકાનોનું નિર્માણ (3) આર્થિક અને સામાજિક વિકાસ યોજના (4) રસ્તાઓ અને પુલોનું નિર્માણ (5) ઘરવપરાશ, ઔદ્યોગિક સંકુલો અને વેપાર-વાણિજ્યનાં સંકુલો માટે પાણી-પુરવઠાનો પ્રબંધ (6) જનસુખાકારી, સ્વચ્છતા, સફાઈ અને ગટર-વ્યવસ્થાનો પ્રબંધ (7) અગ્નિશામક સેવાઓ પૂરી પાડવી (8) નગરીય વનીકરણ, પર્યાવરણ સુરક્ષા અંગેના આયામોમાં અભિવૃદ્ધિ (9) સમાજના નબળા વર્ગોના વિકાસના અંતર્ગત વિકલાંગ અને માનસિક રીતે મંદબુદ્ધિ ધરાવતા પ્રજાજનોનાં હિતોની સુરક્ષા કરવી. (10) ગંદા વસવાટ નાબૂદી અને સુધારણા માટે આવાસ યોજના વિકસાવવી, ઝૂંપડપટ્ટીનો વિસ્તાર ઘટાડવો જેમકે ઇન્દિરા આવાસ, સરદાર આવાસ યોજના અને ડૉ. આંબેડકર આવાસ યોજના (11) નગરમાંથી નિર્ધનતા-ગરીબીનું નિવારણ કરવું. (12) નગરના નગરજનોની સુખ-સુવિધા માટે ખાસ પાર્ક-બાગ-બગીચા, રમત-ગમતનાં મેદાનોની સુવિધા ઊભી કરવી, જેમકે મુંબઈમાં સ્ટેડિયમ, ચોપાટી છે. (13) સાંસ્કૃતિક શૈક્ષણિક અને સૌંદર્યજનક આયામોમાં અભિવૃદ્ધિ કરવી, જેમકે ટાઉનહોલ, નગર પ્રાથમિક શાળાઓ અને સુરતનો 'સ્વચ્છ સિટી' નો દરજ્જો (14) સ્મશાનગૃહો, વિદ્યુત સ્મશાનગૃહો, કબ્રસ્તાનો વિકસાવવાં તેમજ નિભાવવાં (15) કાંજી રાઉસ-કપડાં ધોવાના ઘાટ, પશુઓ પ્રત્યે ક્રૂરતાનું નિવારણ (16) જન્મ-મરણ નોંધણીપત્રક તેમજ તેનું રજિસ્ટ્રેશન કરવું. (17) સાર્વજનિક હેતુના સંદર્ભમાં રસ્તાઓ ઉપર પ્રકાશ, પાર્કિંગ સ્થળ, બસસેવા જેવી જન સુખાકારી સુવિધા વિકસાવવી. (18) કતલખાનાં અને ચર્મ ઉદ્યોગો ખાતાંની નિભાવણી કરવી.

ગુજરાતમાં શહેરી વિકાસના નેજા નીચે અમદાવાદ શહેર વિકાસ મંડળ - Ahmedabad Urban Development Authority (AUDA), તે જ રીતે રાજકોટ માટે (RUDA), સુરત માટે ( SUDA), ભાવનગર માટે (BUDA), ગાંધીનગર માટે (GUDA)ની જોગવાઈ છે અને સરકારે તેમને માટે ખાસ ગ્રાન્ટ પણ ફાળવી છે.

આ પ્રમાણે શહેરી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ સ્થાનિક કક્ષાએ પ્રજાની સુખ-સુવિધાઓ-સુખાકારી માટે ઉપર્યુક્ત કાર્યો કરે છે અને પ્રજા પણ તેમાં કરવેરા ભરીને ઉત્સાહભેર સ્વશાસનમાં ભાગીદારી કરે છે.

### સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં મહિલા સશક્તિકરણ

ઇતિહાસ દર્શાવે છે કે, મહિલાઓ પોતાના વ્યક્તિત્વનો વિકાસ કરવામાં પાછળ રહી ગઈ છે. એટલું જ નહિ, શોષણનો ભોગ પણ બનતી રહી છે. ઘણી વખત જાણીબુજીને પણ પછાત રાખવામાં આવી છે. તેથી મહિલા ઉત્કર્ષની દિશામાં આગે કદમના ભાગરૂપે મહિલા સશક્તિકરણની પ્રક્રિયા હાથ ધરાઈ છે.

સમાજમાં મહિલાઓ અને પુરુષોની લગભગ અડધોઅડધ વસ્તી છે. આવા સંજોગોમાં મહિલાઓને પોતાના વ્યક્તિત્વ વિકાસ અને અભિવ્યક્તિની સમાન તકો પ્રાપ્ત થવી જોઈએ. પરંતુ અત્યાર સુધી મહિલાઓ પ્રત્યેના ભેદભાવભર્યા વર્તનને કારણે તેમનું સ્થાન હાંસિયામાં જ રહ્યું છે. સન 2001ને મહિલા સશક્તિકરણ વર્ષ તરીકે જાહેર કરવામાં આવ્યું હોવાથી દુનિયામાં બધે જ સ્ત્રીઓનો દરજ્જો અને વાસ્તવિક પરિસ્થિતિ તરફ ધ્યાન કેન્દ્રિત થઈ રહ્યું છે.

પંચાયતથી માંડીને પાર્લામેન્ટ સુધીની તમામ રાજકીય નિર્ણય-ઘડતરની સંસ્થાઓમાં, સરકારી માળખામાં તેમજ તમામ ક્ષેત્રોમાં મહિલાઓની સામેલગીરી કરવાની માંગ એટલે 'મહિલા સશક્તિકરણ'. મહિલાઓને નિર્ણય-ઘડતર પ્રક્રિયામાં અને તેના અમલમાં ભાગીદાર બનાવવાની આ ઝુંબેશ છે. આ સશક્તિકરણ સામાજિક, આર્થિક, રાજકીય, સાંસ્કૃતિક એમ તમામ ક્ષેત્રે આવવું જોઈએ.

મહિલાઓની રાજકીય ભાગીદારી ક્ષેત્રે, લોકશાહીમાં સમાન મતાધિકાર મળ્યો છે. ચૂંટણીમાં ઉમેદવાર તરીકે ઊભા રહીને, જીતીને મહિલાઓ સત્તાસ્થાનોમાં આવી શકે એવી સમાન તકો છે. પરંતુ વાસ્તવમાં ખૂબ જ ઓછી સંખ્યામાં મહિલાઓ રાજકીય ક્ષેત્રે જોવા મળે છે. સમાજના દરેક સ્તરની મહિલાઓની યોગ્ય પ્રમાણમાં હિસ્સેદારી જોવા મળતી નથી. પર્યાપ્ત માત્રામાં મહિલાઓને સત્તાના રાજકારણમાં સહભાગી થવા દેવામાં આવતી નથી. પંચાયતોમાં હજુ પણ કેટલીક જગ્યાએ મહિલા સરપંચ હોવા છતાં તેમના સ્થાને તેમનો પતિ, પુત્ર, પિતા કે પછી પરિવારનો અન્ય કોઈ પુરુષ સરપંચ તરીકે કાર્યરત જોવા મળે છે. ટૂંકમાં, મહિલાઓ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં તેમજ અન્ય ઉચ્ચ રાજકીય સંસ્થાઓમાં પોતાની સક્રિય ભાગીદારી નોંધાવશે ત્યારે જ તેમની સમસ્યાઓનો ઉકેલ આવશે.

ભારતના બંધારણના આમુખમાં સ્ત્રી-પુરુષને સમાન તક તેમજ સમાન સામાજિક ન્યાયનો આદર્શ વ્યક્ત કરવામાં આવ્યો છે. રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં પણ કેટલીક જોગવાઈઓ મુખ્યત્વે કરીને મહિલા સશક્તિકરણના ધ્યેયને ચરિતાર્થ કરવાનો ઉદ્દેશ ધરાવે છે. એટલે સુધી કે આપણી મૂળભૂત ફરજોમાં પણ મહિલાઓના ગૌરવની જાળવણી થાય તેવા વ્યવહારો કરવા જણાવવામાં આવ્યું છે.

### સામાજિક ન્યાયના સંદર્ભમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ

વર્તમાન પંચાયતીરાજના અસ્તિત્વ પહેલાં સ્થાનિક કક્ષાએ ગ્રામસમાજોમાં સત્તાની ઈજારાશાહી પ્રવર્તમાન હતી. ખાસ કરીને સમાજના ઉપલા સ્તરની જ્ઞાતિઓ મોટાભાગની સત્તા ધરાવતી હતી. પરિણામે સ્થાનિક સ્તરે સત્તાનું જે માળખું અસ્તિત્વ ધરાવતું હતું, એમાં ગરીબ અને વંચિત વર્ગના લોકોને માટે કોઈ સ્થાન ન હતું. પરિણામે સમાજમાં ઉચ્ચ જ્ઞાતિઓ સત્તાનો ઈજારો ધરાવતી હતી. આ સ્થિતિ સમાજના વિકાસમાં મૂળભૂત રીતે અવરોધક હતી, કારણ કે સ્થાનિક સ્તરે સત્તાના માળખામાં નીચલા સ્તરની જ્ઞાતિઓને ભાગીદારી મળતી ન હતી, પરિણામે ઉચ્ચ સત્તાધારી જ્ઞાતિઓના અગ્રણીઓ સ્થાનિક સ્તરે નિર્ણય લેવાની પ્રક્રિયામાં સર્વસત્તાધીશ બની રહેતા. એનાં માઠાં પરિણામો આવતાં. નીચલા સ્તરની જ્ઞાતિઓને આ પરિસ્થિતિમાં ભારોભાર અન્યાય અને ભેદભાવો સહન કરવા પડતા હતા. આ સ્થિતિ કોઈપણ સ્વસ્થ સમાજ માટે યોગ્ય ગણી શકાય નહિ. આવા સંજોગોમાં નવા પંચાયતી રાજની જે પ્રારંભિક વિચારણા થઈ તેની અંતર્ગત મુખ્ય હેતુ એ હતો કે સત્તા-માળખામાં નિર્ણયો લેવાની પ્રક્રિયામાં સમાજમાં સઘળા વર્ગોને સમાન રીતે ભાગીદારી પ્રાપ્ત થાય.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના સવિસ્તર જવાબ આપો :**

(1) સ્થાનિક સ્વરાજ એટલે શું ? તેની વિસ્તૃત સમજ આપો.

(2) સ્થાનિક સ્વરાજ્યની અગત્ય સમજાવો.

(3) સ્થાનિક સ્વરાજ્યનો ઉદ્‌ભવ અને વિકાસની ચર્ચા કરો.

(4) પંચાયતીરાજની રચના-પ્રક્રિયા અંગે વિસ્તૃત નોંધ લખો.

(5) પંચાયતીરાજમાં ગ્રામપંચાયતની રચના અને કાર્યો સમજાવો.

(6) તાલુકા પંચાયતની રચના અને કાર્યો સમજાવો.

(7) જિલ્લા પંચાયતની રચના અને કાર્યો સમજાવો.

**2. ટૂંક નોંધ લખો :**

(1) મહાનગરપાલિકાની રચના

(2) મહાનગરપાલકિાના નાણાકીય સ્રોત

(3) સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં મહિલા સશક્તિકરણ

**3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં (પાંચથી સાત વાક્યોમાં) જવાબ આપો :**

(1) વિકેન્દ્રીકરણ એટલે શું ?

(2) સ્થાનિક સ્વરાજનું અગત્ય શું છે ?

(3) સત્તાનું વિકેન્દ્રીકરણ એટલે શું ?

(4) ઉપસરપંચની ચૂંટણી કેવી રીતે થાય છે ?

**4. નીચેના પ્રશ્નોનાં એક-બે વાક્યમાં જવાબ આપો :**

(1) સ્થાનિક સરકાર એટલે શું ?

(2) ગ્રામપંચાયતની રચના માટે વસ્તીનું ધોરણ શું છે ?

(3) સામાજિક ન્યાય કોને કહે છે ?

(4) ગ્રામપંચાયતનાં બે ફરજિયાત કાર્યો જણાવો.

(5) મહિલા સશક્તિકરણ એટલે શું ?

**5. સાચો વિકલ્પ પસંદ કરી બાજુના ખાનામાં દર્શાવો :**

(1) સ્થાનિક સ્વરાજની સંસ્થાઓના પિતા કોણ છે ? ☐

(અ) લૉર્ડ રિપન (બ) ગાંધીજી (ક) જવાહરલાલ નહેરુ (ડ) સરદાર પટેલ

(2) સ્થાનિક શબ્દ શાના ઉપરથી બનેલો છે ? ☐

(અ) શહેર (બ) ગ્રામ (ક) સિટી (ડ) સ્થાન

(3) સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ કઈ સરકાર ગણાય છે ? ☐

(અ) પ્રથમ (બ) બીજી (ક) ત્રીજી (ડ) ચોથી

(4) સ્થાનિક સરકાર શું કામ કરે છે ? ☐

(અ) લોક શિક્ષણનું (બ) પ્રાથમિક શિક્ષણનું
(ક) ઉચ્ચ શિક્ષણનું (ડ) બુનિયાદી શિક્ષણનું

(5) પંચાયતીરાજની સંસ્થાઓ કેટલા સ્તરની છે ? ☐

(અ) ચાર (બ) બે (ક) એક (ડ) ત્રણ

(6) પંચાયતોની ચૂંટણીમાં મતદાન કરવા માટેની ઉંમર શી છે ? ☐

(અ) 20 વર્ષ (બ) 18 વર્ષ (ક) 21 વર્ષ (ડ) 25 વર્ષ

(7) ગુજરાતમાં વર્ષ 2015માં કેટલી ગ્રામપંચાયતો છે ? ☐

(અ) 10,000 (બ) 13,996 (ક) 13,550 (ડ) 13,151

(8) ગુજરાતમાં કુલ કેટલી તાલુકા પંચાયત છે ? ☐

(અ) 249 (બ) 241 (ક) 233 (ડ) 251

(9) ગુજરાતમાં હાલમાં કેટલી નગરપાલિકાઓ છે ? ☐

(અ) 260 (બ) 259 (ક) 233 (ડ) 241

(10) અમદાવાદ મહાનગરપાલિકામાં કેટલા કૉર્પોરેટર છે ? ☐

(અ) 192 (બ) 190 (ક) 182 (ડ) 191

**પ્રવૃત્તિ**

- ગ્રામપંચાયતની ચૂંટણી-પ્રક્રિયાનો અભ્યાસ
- ગ્રામસભાની પ્રત્યક્ષ મુલાકાત કરાવવી.
- પંચાયતની મિટિંગનું નિરીક્ષણ કરવું.
- જિલ્લા પંચાયતના પ્રમુખનો વાર્તાલાપ ગોઠવવો.
- નગરપાલિકા અને મહાનગરપાલિકાની સામાન્ય સભાની કાર્યવાહીની પ્રત્યક્ષ મુલાકાત
- ગ્રામપંચાયત અને કૉર્પોરેશનના અધિકારીઓનો વાર્તાલાપ ગોઠવવો.

●●●